નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ



ફૂલનગરના ટચૂકડા રહેવાસીઓ

01



RADUGA PUBLISHERS





નજાનૂના સાહસો
ફુલનગરના ટચૂકડા રહેવાસીઓ

01

નિકોલાઈ નોસોવ

અનુવાદ: દીપ્તિ રાજુ

ચિત્રો: બોરિસ કૈલાશિન



RADUGA PUBLISHERS

MOSCOW



એક વખતની વાત છે. પરીલોકના એક નગરમાં માઇટ્સ નામના લોકો રહેતા હતા. તેમને માઇટ્સ કહેવામાં આવતા હતા કેમ કે તેઓ કદમાં ખૂબ જ ટચૂકડા હતા. તેમનામાંથી સૌથી મોટી વ્યક્તિ પણ ચીડના ઝાડના શંકુ (પાઇન કોન) કરતાં વધુ મોટી નહોતી .
તેમનું નગર ખૂબ જ સુંદર હતું. દરેક ઘરની આસપાસ ડેઝી, ડૅન્ડેલિયન અને મધુમાલતીનાં ફૂલો ઉગતાં હતાં. ત્યાંની બધી ગલીઓનાં નામ પણ ફુલોના નામ પરથી રાખવામાં આવ્યાં હતાં – બ્લૂબેલ સ્ટ્રીટ, ડેઝી લેન અને પ્રિમરોઝ એવન્યુ. એટલા માટે જ એ નગરનું નામ ‘ફ્લાવર ટાઉન’ પડ્યું હતું.
નગર એક નાનકડા ઝરણાંના કિનારે આવેલું હતું. તેના બંને કિનારાઓ પર ઘણી કાકડીઓ ઉગતી હોવાથી માઇટ્સ તેને ‘કાકડી નદી’ કહેતા હતા. ઝરણાંની બીજી બાજુ એક જંગલ હતું. માઇટ્સ ભોજપત્ર (બર્ચ)ના ઝાડની છાલમાંથી નાવડીઓ બનાવતા અને જ્યારે તેઓ જંગલમાં બદામ, નાનાં રસદાર ફળો અને મશરૂમ વીણવા જતા,ત્યારે એ નાવડીઓમાં બેસીને ઝરણું પાર કરતા.
નાનાં રસદાર ફળો તોડવાનું કામ માઇટ્સ માટે ખૂબ મુશ્કેલ હતું, કારણ કે તેઓ પોતે જ કદમાં ખૂબ નાના હતા.



જ્યારે તેઓ બદામ વીણવા જતા, ત્યારે તેમને ઝાડ પર ચઢવું પડતું અને સાથે કરવત પણ લઈ જવી પડતી. કારણ કે માઇટ્સ પોતાના હાથથી બદામ તોડી શકતા નહોતા, તેથી તેઓ બદામની ડાળીઓ કરવતથી કાપતા.
મશરૂમ વીણવા માટે પણ તેઓ કરવતનો ઉપયોગ કરતા. તેઓ મશરૂમને જમીનની સપાટી પરથી જ કાપી નાખતા, પછી તેને ટુકડાઓમાં કાપીને લાકડાના ગોઠિયાંની જેમ પોતાના ખભા પર ઊંચકીને ઘરે લઈ જતા.
માઇટ્સ બે જાતના હતા, છોકરા માઇટ્સ અને છોકરી માઇટ્સ.
છોકરા-માઇટ્સ લાંબા પાયજામા અથવા પટ્ટાવાળા ટૂંકા ચડ્ડાં પહેરતા, જ્યારે છોકરી-માઇટ્સ રંગબેરંગી કાપડમાંથી બનેલા સુંદર ફ્રોક પહેરતી.
છોકરા માઇટ્સને પોતાના વાળ ઓળવાની ઝંઝટ ગમતી નહોતી, તેથી તેઓ વાળ ટૂંકા રાખતા. પરંતુ છોકરી માઇટ્સ લાંબા વાળ રાખતી. તેમને પોતાના વાળ વિવિધ સુંદર રીતે ઓળવા બહુ ગમતાં . કેટલીક છોકરીઓ લાંબી ચોટલીઓ ગૂંથતી અને તેમાં રંગીન રિબનો પરોવતી. કેટલીક છોકરીઓ પોતાના લાંબાવાળ ખભા પર લહેરાતા રાખતી અને તેના ઉપર મોટી ટા રંગીન બો બાંધતી.
છોકરા માઇટ્સને છોકરા હોવાનો એટલો ગર્વ હતો કે તેઓ છોકરી માઇટ્સ સાથે કોઈ સંબંધ રાખવા જ ઇચ્છતા નહોતા.



છોકરી માઇટ્સને પણ છોકરી હોવાનો એટલો જ ગર્વ હતો કે તેઓ છોકરા માઇટ્સ સાથે મિત્રતા કરવાનું પસંદ કરતી નહોતી. જો કોઈ છોકરી માઇટને રસ્તા પર સામે તરફથી કોઈ છોકરો માઇટ આવતો દેખાય, તો તે તરત જ રસ્તાની બીજી બાજુ ચાલી જતી.

અને તે એમ કરતી તેમાં કંઈ ખોટું પણ નહોતું, કારણ કે કેટલાક છોકરા માઇટ્સ એટલા તોફાની હતા કે તેઓ તેને ધક્કો મારી દેતા, તેના વાળ ખેંચતા અથવા તેને કોઈ ખરાબ નામથી બોલાવતા.

ખરેખર, બધા છોકરા માઇટ્સ એવા નહોતા. પરંતુ માત્ર દેખાવ પરથી કોણ કેવું છે તે જાણી શકાતું નહોતું. તેથી છોકરી માઇટ્સે નક્કી કરી લીધું હતું કે સાવચેતીના ભાગરૂપે જ્યારે પણ કોઈ છોકરો માઇટ દેખાય, ત્યારે રસ્તાની બીજી બાજુ જતાં રહેવું.

ક્યારેક કોઈ છોકરો માઇટ કોઈ છોકરી માઇટને “ઘમંડી!” કહીને બોલાવતો, તો છોકરી માઇટ પણ જવાબમાં “દાદાગીરી કરનારો!” અથવા એટલું જ અસભ્ય બીજો કોઈ શબ્દ કહી દેતી.

કદાચ તમને આ વાત પર વિશ્વાસ ન આવે. કદાચ તમને લાગે કે ખરેખર જીવનમાં આવું ક્યાં બનતું હોય છે! પરંતુ કોઈ એવું કહેતું નથી કે આ બધું ખરેખર જીવનમાં બને છે. સાચું જીવન એક અલગ વાત છે અને પરીકથાનું જીવન એક અલગ વાત. પરીકથાઓમાં તો કંઈ પણ બની શકે.

બ્લૂબેલ સ્ટ્રીટ પર આવેલા એક ઘરમાં સોળ છોકરા માઇટ્સ રહેતા હતા. તેમાં સૌથી મહત્વનો જાનુ હતો.

તેનું નામ જાનુ એટલા માટે પડ્યું હતું કે તે બધું જ જાણતો હતો, અને તે બધું જાણતો હતો કારણ કે તે હંમેશાં પુસ્તકો વાંચતો રહેતો.

તેના પલંગ પર પણ પુસ્તકો પડ્યાં રહેતા અને પલંગની નીચે પણ પુસ્તકોનો ઢગલો પડ્યો રહેતો.




તેના ઓરડામાં એવી કોઈ જગ્યા નહોતી જ્યાં કોઈ પુસ્તક ન પડ્યું હોય.આ પુસ્તકોમાંથી તેણે અનેક પ્રકારની વાતો અને જ્ઞાન મેળવ્યું હતું. તેથી બધા જ તેને માન આપતા અને તે જે કહે તે પ્રમાણે જ કરતા.તે હંમેશાં કાળા રંગનાં કપડાં પહેરતો. જ્યારે તે પોતાના લખવાના મેજ પાસે બેસીને ચશ્માં પહેરતો અને કોઈ પુસ્તક વાંચવા લાગતો, ત્યારે તે એકદમ સાચા પ્રોફેસર જેવો દેખાતો.



એ જ ઘરમાં ડૉક્ટર પિલમેન પણ રહેતા હતા. જ્યારે કોઈ માઇટ બીમાર પડતો, ત્યારે તેઓ તેની સારવાર કરતા. તેઓ હંમેશાં સફેદ કોટ અને ઉપર ફૂમતું લગાવેલી સફેદ ટોપી પહેરતા.
ત્યાં જ પ્રખ્યાત કારીગર બેન્ડમ અને તેનો મદદનીશ ટ્વિસ્ટમ પણ રહેતા હતા.
એ જ ઘરમાં ટ્રીકલી-સ્વીટર પણ રહેતો હતો. સૌ જાણતા હતા કે તેને શરબતવાળાં ફીણદાર ઠંડાં પીણાં પીવાનો બહુ શોખ હતો. તે ખૂબ જ નમ્ર સ્વભાવનો હતો. તેને લોકો ટ્રીકલી-સ્વીટર કહીને બોલાવે તે ગમતું હતું, અને જ્યારે કોઈ તેને માત્ર સ્વીટર કહીને બોલાવતું, ત્યારે તેને બહુ દુઃખ થતું.
આ સિવાય ત્યાં શોટ નામનો એક શિકારી પણ રહેતો હતો. તેની પાસે ડોટ નામનો નાનો કૂતરો હતો અને એક એવી બંદૂક હતી, જેમાંથી કોર્કના ગોળા છૂટતા હતા.
ત્યાં બ્લોબ્સ નામનો એક ચિત્રકાર અને ટ્રિલ્સ નામનો એક સંગીતકાર પણ રહેતા હતા.
બાકીના માઇટ્સનાં નામ સ્વિફ્ટી, ક્રમ્પ્સ, મમ્સ, રોલી-પોલી, સ્કેટરબ્રેઇન અને બે ભાઈઓ પા'રૅપ્સ તથા પ્રોબ'લી હતાં.
પરંતુ એ બધામાં સૌથી વધુ પ્રસિદ્ધ એક માઇટ હતો, જેનું નામ નજાનૂ હતું.







તેનું નામ નજાનૂ એટલા માટે પડ્યું હતું કે તેને કંઈ જ આવડતું નહોતું. હકીકતમાં તો તેને લગભગ કંઈ જ આવડતું નહોતું. નજાનૂ તેજસ્વી વાદળી રંગની ટોપી, ચમકદાર પીળા રંગનું પેન્ટ, ઝગમગતું નારંગી રંગનું ખમીસ અને લીલા ચટક રંગની ટાઈ પહેરતો હતો. તેને ઘેરાં અને આકર્ષક રંગો ખૂબ ગમતા હતા.પોતાનાં આ રંગબેરંગી કપડાં પહેરીને તે શેરીઓમાં આમતેમ ફરતો રહેતો. ફરતાં ફરતાં તે જાતજાતની બનાવટી વાર્તાઓ ઘડી કાઢતો અને રસ્તામાં જે કોઈ મળે તેને સંભળાવતો.તેને છોકરી માઇટ્સને ચીડવવામાં પણ ઘણો આનંદ આવતો. કોઈ છોકરી માઇટને દૂરથી જ તેનાં નારંગી રંગનું ખમીસ દેખાય, એટલે તે તરત જ ફરીને પોતાના ઘરની તરફ દોડી જતી.





નજાનૂનો એક મિત્ર હતો, જેનું નામ ગંકી હતું. તે ડેઝી લેનમાં રહેતો હતો. નજાનૂ અને ગંકી કલાકો સુધી સાથે બેસીને વાતો કરતા.તેઓ દિવસમાં વીસ વખત ઝઘડતા પણ હતા, પરંતુ દર વખતે ફરીથી સમાધાન કરી લેતા. એક દિવસ નજાનૂ સાથે એવી ઘટના બની કે આખા નગરમાં તેની જ ચર્ચા થવા લાગી.

તે એકલો ખેતરોમાં ફરવા નીકળ્યો હતો. ત્યાં અચાનક એક મોટો ભમરો ઊડતો ઊડતો આવ્યો અને તેના માથાના પાછળના ભાગે અથડાયો. નજાનૂ હવામાં ગોથું ખાઈ ગયો અને ધડામ કરતો જ મીન પર પડી ગયો. પેલો ભમરો તો ઊડતો જ રહ્યો અને થોડી જ વારમાં અદ્રશ્ય થઈ ગયો. નજાનૂ તરત ઊભો થઈ ગયો અને તેની આસપાસ જોવા લાગ્યો કે તેને કોણ અથડાયું. પરંતુ ત્યાં કંઈ જ દેખાતું નહોતું.

"મને શું અથડાયું હશે?" તેણે વિચાર્યું. "ચોક્કસ કોઈ વસ્તુ મારા પર પડી હશે."

તેણે આકાશ તરફ જોયું, પરંતુ ત્યાં પણ કંઈ જ નહોતું માત્ર તેજસ્વી રીતે ચમકતો સૂર્ય દેખાતો હતો.

"અરે, જરૂર સૂર્યનો જ કોઈ ટુકડો તૂટીને મારા માથા પર પડ્યો હશે!" તેણે નક્કી કરી લીધું.

પછી તે ઘરે જવા નીકળ્યો. રસ્તામાં તેને ગ્લાસ-આઈ નામનો તેનો મિત્ર મળ્યો.

ગ્લાસ-આઈ એક પ્રખ્યાત ખગોળશાસ્ત્રી હતો. તેને તૂટેલી બોટલના કાચના ટુકડાઓમાંથી બૃહદદર્શક કાચ (મૅગ્નિફાઇંગ ગ્લાસ) બનાવતાં આવડતું હતું. આવા કાચમાં જોવાથી દરેક વસ્તુ મોટી દેખાતી હતી.

આવા ઘણા કાચ ભેગા કરીને તેણે એક દૂરબીન બનાવ્યું હતું , જેના દ્વારા તે ચંદ્ર અને તારાઓનો અભ્યાસ કરતો હતો.

નજાનૂએ કહ્યું, "ગ્લાસ-આઈ," "મારી સાથે એક ખૂબ જ વિચિત્ર ઘટના બની છે. સૂર્યનો એક ટૂકડો તૂટીને મારા માથા પર પડ્યો."





“તું શું કહે છે?” ગ્લાસ-આઈ હસીને બોલ્યો. “જો સૂર્યનો કોઈ ટુકડો તારા પર પડ્યો હોત, તો તું તો ચકનાચૂર થઈ ગયો હોત. સૂર્ય ખૂબ જ વિશાળ છે. તે તો આપણી પૃથ્વી કરતાં પણ મોટો છે.”

“એવું બની જ ન શકે,” નજાનૂએ કહ્યું. “સૂર્ય તો રકાબી જેટલો જ મોટો છે.”

“એ તને એટલો નાનો દેખાય છે, કારણ કે તે આપણાથી ખૂબ જ દૂર છે,” ગ્લાસ-આઈએ સમજાવ્યું. “સૂર્ય તો અગ્નિનો એક વિશાળ ગોળો છે. મેં તેને મારી દૂરબીનમાંથી જોયો છે. જો તેનો એક નાનો ટુકડો પણ તૂટી પડે, તો આપણું આખું નગર તબાહ થઈ જાય.”

“અરે વાહ!” નજાનૂ બોલ્યો. “મને તો ખબર જ નહોતી કે સૂર્ય આટલો મોટો છે. હું જઈને બધાને આ વાત કહું. કદાચ તેમણે આ વિશે સાંભળ્યું પણ નહીં હોય.પરંતુ તું એક વાર ફરી તારાં દૂરબીનથી સૂર્યને જોઈ લે. શું ખબર, કદાચ ખરેખર તેનો કોઈ ટુકડો તૂટી ગયો હોય!”

ત્યારબાદ નજાનૂ ફરી પોતાના ઘરે જવા નીકળ્યો. રસ્તામાં જે કોઈ તેને મળતું, તેને તે કહેતો:



“શું તમે સૂર્ય વિશે સાંભળ્યું છે? તે આપણી આખી પૃથ્વી કરતાં પણ મોટો છે. હા, ખરેખર! અને એક ભયંકર ઘટના બની છે. તેનો એક ટુકડો તૂટી ગયો છે અને આપણી તરફ પડી રહ્યો છે. કોઈ પણ ક્ષણે તે અહીં અથડાશે અને આપણને બધાને ચકનાચૂર કરી નાખશે. જો તમને મારા પર વિશ્વાસ ન હોય, તો જઈને ગ્લાસ-આઈને પૂછી જુઓ!”

બધા લોકો તેના પર હસવા લાગ્યા, કારણ કે તેઓ જાણતા હતા કે નજાનૂ હંમેશાં બનાવટી વાર્તાઓ ઘડી કાઢતો રહે છે.

પણ નજાનૂ તો દોડતો દોડતો બૂમો પાડતો રહ્યો:

“બચાવો ! બધા પોતાનો બચાવ કરો! સૂર્યનો એક ટૂકડો નીચે પડી રહ્યો છે!”

“શેનો ટૂ કડો?” કોઈએ પૂછ્યું.

“સૂર્યનો! જલ્દી કરો! તે કોઈ પણ ક્ષણે અહીં પડશે, અને પછી આપણું બધાનું કામ તમામ થઈ જશે! તમને સૂર્ય વિશે કંઈ ખબર નથી! તે તો આપણી પૃથ્વી કરતાં પણ મોટો છે!”

“વાહિયાત વાત!” લોકો બોલ્યા.





“આમાં જરાય બકવાસ નથી!” નજાનૂ બોલ્યો. “ગ્લાસ-આઈએ જ મને કહ્યું છે. તેણે પોતાની દૂરબીનમાંથી જોઈને આ વાત જાણી છે!”
આ સાંભળીને બધા માઇટ્સ ઘરની બહાર દોડી આવ્યા અને સૂર્ય તરફ જોવા લાગ્યા. તેઓ એટલી વાર સુધી સૂર્યને જોતાં રહ્યાં કે તેમની આંખોમાંથી પાણી આવવા લાગ્યું. અને સતત જોતાં જોતાં તેમને ખરેખર એવું લાગવા માંડ્યું કે જાણે સૂર્યનો એક ટુકડો તૂટી ગયો હોય!
“બચો! બધા બચી જાઓ!” નજાનૂ બૂમો પાડવા લાગ્યો. “જે રીતે બને તે રીતે પોતાનો બચાવ કરો!”
માઇટ્સ તરત જ પોતાની જરૂરી વસ્તુઓ લેવા દોડી ગયા.
બ્લોબ્સ પોતાના રંગો અને પીંછીઓ ઉપાડી લેવા દોડ્યો.
ટ્રિલ્સ પોતાની વાયોલિન, બેન્જો અને ફ્રેન્ચ હોર્ન લઈને તૈયાર થઈ ગયો.
ડૉક્ટર પિલમેન પોતાની દવાઓની થેલી શોધવા માટે આખા ઘરમાં આમથી તેમ દોડવા લાગ્યા, કારણ કે તે ક્યાંક મૂકી છે ભૂલી ગયા હતા.
રોલી-પોલીએ પોતાના રબરના વરસાદી બૂટ અને છત્રી ઉપાડી લીધી અને દરવાજામાંથી બહાર દોડવા જ જઈ રહ્યો હતો, ત્યારે તેને જાનૂનો અવાજ સંભળાયો: “જરા શાંતિ રાખો! તમે આટલા ડરો છો શા માટે? તમને તો ખબર છે કે નજાનૂ કેટલો મોટો મૂર્ખ છે. આ તો તેની બનાવટી વાતોમાંની એક વાત છે.”
“બનાવટી વાત?” નજાનૂ બૂમ પાડી ઊઠ્યો. “હું કહું છું ને, જઈને ગ્લાસ-આઈને પૂછી જુઓ!”





બધા માઇટ્સ દોડતાં દોડતાં ગ્લાસ-આઈ પાસે ગયા અને તેમને ખબર પડી કે આ તો ખરેખર નજાનૂએ ઘડી કાઢેલી એક બનાવટી વાત જ હતી.
પછી તો બધા ખૂબ હસવા લાગ્યા!
“આટલી મૂર્ખામીભરી વાત પર આપણે વિશ્વાસ કેવી રીતે કરી લીધો?” તેઓ કહેવા લાગ્યા.
“ખરેખર, કેવી રીતે?” નજાનૂએ કહ્યું.“અરે, હું તો પોતે પણ એ વાતને સાચી માની બેઠો હતો!”
નજાનૂ એવો જ એક રમૂજી અને વિચિત્ર સ્વભાવનો છોકરો હતો!





Н $\frac{70801-131}{031(01)-83}$ 38 – 83

4800010102

